# કમર્શિયલ સ્પેસ માર્કેટમાં તેજી સાથે મુલુંડના બિઝનેસ લેન્ડસ્કેપમાં ઉછાળો

મુંબઈએ તેના રિયલ એસ્ટેટ લેન્ડસ્કેપમાં જબરદસ્ત પરિવર્તન જોયું છે. શહેરના કેન્દ્રમાં આવેલી જગ્યા એક પ્રીમિયમ કોમોડિટી બનવાની સાથે ડેવલપર્સ અને બિઝનેસિસ સમાનરૂપે નવી ક્ષિતિજો શોધી રહ્યાં છે. આજ પ્રકારે મુલુંડ પશ્ચિમ એક ઊભરતાં કમર્શિયલ પ્રોપર્ટી ડિસ્ટિનેશન તરીકે હલચલ પેદા કરી રહ્યું છે, જે મુંબઈના ઉત્તર પૂર્વ હિસ્સામાં આવેલું સબઅર્બન છે.

એનારોક રિપોર્ટ ૨૦૨૩ મૂજબ નાણાકીય વર્ષ ૨૦૨૩માં કમર્શિયલ ઓફિસ સ્પેસ માટે મુંબઇ માર્કેટે વૈવિધ્યસભર ટ્રેન્ડ દર્શાવ્યો છે. મુંબઇના કમર્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટ ઘણાં તેની સફળતાને પ્રભાવિત કરતાં ઘણી પરિબળોમાંથી સફળતાપૂર્વક પસાર થયું છે. તેના પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૩ના પ્રથમ અર્ધવાર્ષિકગાળામાં લિઝિંગ પ્રવૃત્તિમાં મજબૂત વધારો જોવા મળ્યો હતો, જેના પરિણામે મુંબઇના કમર્શિયલ રિયલ એસ્ટેટ લેન્ડસ્કેપમાં ૭૬ ટકાથી વધુની પ્રભાવશાળી વાર્ષિક વૃદ્ધિ નોંધાઇ હતી. સમાન સમયગાળામાં નવી ઓફિસ સ્પેસની સપ્લાયમાં ૭ ટકાની નોંધપાત્ર વૃદ્ધિથી પણ એકંદર વધારો જોવા મળ્યો છે, જે માર્કેટ પ્રવૃત્તિમાં મજબૂત ઉછોળો સૂચવે છે. આજ પ્રકારે મુલુંડને કમર્શિયલ પ્રોપર્ટી રોકાણકારો હોટ સ્પોટ તરીકે જોઇ રહ્યાં છે.

એક સમયે મુલુંડ રહેઠાણના હેતુસર ખૂબજ જાણીતું હતું અને હવે તે નોંધપાત્ર પરિવર્તોનોમાંથી પસાર થતાં એક ઉભરતાં કમર્શિયલ હબ તરીકે વિકસિત થયું છે. કેટલાંક મહત્વપૂર્ણ પરિબળોથી આ પરિવર્તન જોવા મળ્યું છે કે જેનાથી મુલુંડ કમર્શિયલ પ્રોપર્ટીઝ માટે વાઇબ્રન્ટ ડેસ્ટિનેશન તરીકે ઉભરી આવ્યું છે.

મુલુંડના કમર્શિયલ વિકાસમાં માળખાકીય સુવિધાઓનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું છે. આધુનિક કમર્શિયલ સ્પેસ, અદ્યતન ઓફિસ કોમ્પલેક્સ અને રિટેઇલ સેન્ટર્સને કારણે એક સમયે દૂર ગણાતું ઉપનગર હવે સમકાનીન બિઝનેસ કેન્દ્રમાં પરિવર્તિત થયું છે. પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાનો, હેલ્થકેર સુવિધાઓ અને મનોરંજક સુવિધાઓ સાથે મુલિંડ બિઝનેસિસ અને તેમના કાર્યબળ માટે આકર્ષક સંભાવનાઓ રજૂ કરે છે.

હવે, આ સમૃદ્ધ ઉપનગર મુલુંડ વેસ્ટમાં એક શ્રેષ્ઠ અને સૌથી ઊંચી કમર્શિયલ પ્રોપર્ટી કલ્પતરૂ સમિટ મેળવવા જઇ રહ્યું છે. આ આગામી ઓફિસ પ્રોજેક્ટ ૪૫૫ ચોરસફૂટ વિસ્તારમાં ફેલાયેલો છે, જેને આકર્ષક બિઝનેસ ઓળખ માટે કાળજીપૂર્વક ડિઝાઇન કરવામાં આવ્યો છે. તેના વ્યૂહાત્મક સ્થાન અને સરળ કનેક્ટિવિટી સાથે કલ્પતરૂ સમિટ પ્રોફેશ્નલ અને બિઝનેસિસને કામગીરી માટે એક ઉત્તમ માહોલ પ્રદાન કરે છે. તેના આકર્ષણ ઉપરાંત આ પ્રોપર્ટી મુલુંડ રેલવે સ્ટેશનથી સરળતાથી પહોંચી શકાય તેવું છે, જે શહેરના વિશાળ રેલ નેટવર્ક સાથે સરળ કનેક્ટિવિટી પ્રદાન કરે છે. આ ઉપરાંત ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેની નજીક હોવાને કારણે તે કર્મચારીઓ અને ગ્રાહકોની મુસાફરી સરળ બનાવે છે તથા સગવડતા ઇચ્છતાં બિઝનેસ માટે ઉત્તમ પસંદગી બને છે. આ પ્રોજેક્ટ વિશાળ અને કાર્યક્ષમ ઓફિસ સ્પેસ ઓફર કરે છે, જે રચનાત્મકતા અને ઉત્પાદકતામાં વધારો કરતો માહોલ પ્રદાન કરે છે.

ઉપરોક્ત પરિબળો ઉપરાંત બીજા જાણીતા ડેવલપર્સના સમૂહે પણ મુલુંડના કમર્શિયલ પરિદ્રશ્યના વિકાસને પ્રભાવિત કર્યું છે. અલઘ ગ્રૂપ, રુનવાલ ગ્રૂપ, વાધવા ગ્રૂપ અને અન્ય જાણીતી કંપનીઓએ વિસ્તારના વિકાસને સમૃદ્ધ કોમર્શિયલ હબ બનાવવા માટે નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

એકંદરે, મુલુંડ વેસ્ટ કમર્શિયલ રિયલ એસ્ટેટમાં રોકાણ માટેનું ઉત્તમ કેન્દ્ર છે. મુલુંડની એક શાંત રહેણાંક વિસ્તારથી સમૃદ્ધ કોમર્શિયલ પ્રોપર્ટી ડેસ્ટિનેશન સુધીની સફર મુંબઈના રિયલ એસ્ટેટ લેન્ડસ્કેપની ગતિશીલ પ્રકૃતિનો પુરાવો છે. તેનું વ્યૂહાત્મક સ્થાન, સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિકસતી વસ્તી વિષયક તેને શહેરમાં તેમની ઉપસ્થિતિ સ્થાપિત કરવા માંગતા બિઝનેસિસ માટે આકર્ષક પસંદગી બનાવી છે. ટકાઉ વિકાસ પદ્ધતિઓને ધ્યાનમાં લેતાં મુલુંડ એક મહત્વપૂર્ણ વ્યાપારી કેન્દ્ર બનવાની દિશામાં અગ્રેસર છે, જે મુંબઈના ભાવિ આર્થિક લેન્ડસ્કેપને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.